# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/ક્વા-3/૧૯-૨૦/૨૯૨–૬** **તા.૧૫–૦૧–૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૯/ક્વા-3/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | **રૈયાણી જયેશભાઈ વિઠલભાઇ** ગામ: **રાજકોટ** |
| રજૂઆત કરનાર: | **અરજદાર જયેશભાઈ વિઠલભાઇ રૈયાણી સાથે જીગ્નેશભાઈ વિ. રૈયાણી હાજર રહેલ છે.** |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩** |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩** |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૦૭-૦૧-૨૦૨૦ ( મંગળવાર ) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૭-૦૧-૨૦૨૦ ( મંગળવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર રૈયાણી જયેશભાઈ વિઠલભાઇ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૨૯/ક્વા-3/૧૯-૨૦, માં જણાવે છે કે**, થ્રી ફેઇઝ ટેમ્પરરી વીજજોડાણ રદબાતલ કરવાની અરજી તા.૨૨–૦૭–૧૯ ના રોજ આપેલ – જે અન્વયે તા.૦૭–૦૯–૧૯ ના રોજ મીટર ઉતારવામા આવેલ – જેથી આશરે ૪૭ થી ૪૮ દિવસનો ફીકસચાર્જ કાપી – ચેક રીફંડ આપેલ છે. જે ફીકસચાર્જ ની રકમ રીફંડ મેળવવા માટે – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

૨.૧ અરજદારે ફોરમ મીટીંગ તા.૦૭–૦૧–૨૦ ના રોજ – વીજબીલ માહે જુલાઈ–૧૯ માહે ઓગષ્ટ– ૧૯ નુ રજુ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાવડી સબડીવીઝનના ટેમ્પરરી કનેક્શન નંબર-૩૪૫૦૦૦૩૧૨૭૮ માં ફિક્સ ચાર્જ ના રીફંડ બાબત આપની સમક્ષ ફરિયાદ કરેલ છે.
અરજદાર શ્રી રૈયાણી જયેશભાઈ વિઠલભાઈ ની તા.૨૨.૦૭.૧૯ ની અરજી ના અનુસંધાને વાવડી સબડીવીઝન દ્વારા સદર વીજ જોડાણ ઉતારવા માટે જરૂરી ડીસ કનેક્શન મેમો તૈયાર કરવામાં આવેલ અને તે અંગે ટેકનીકલ કર્મચારી દ્વારા સદર વીજ મીટરને ઉતારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. સદર મીટરને ઉતારવા અંગેની કામગીરી દરમિયાન સ્થળ પર હાલ કામગીરી તેમજ વપરાશ ચાલુ હોય અરજદાર દ્વારા જણાવવામાં આવેલ કે અમો રૂબરૂ વાવડી ઓફિસે આવીને જાણ કરીશું. સદર બાબતની ખરાઈ પણ માહે જુલાઈ-ઓગસ્ટ ના વપરાશમાં જોવા મળે છે. જે તેઓના પૂર્વ ના વપરાશ સાથે સુસંગત જોવા મળે છે ત્યારબાદ અરજદાર દ્વારા માહે-સપ્ટેમ્બર માં વીજ મીટર ઉતારવા અને વીજ જોડાણ રદ કરવા ઓફિસે મોખિક રજૂઆત કરતા સદર મીટર તા.૦૭.૦૯.૨૦૧૯ ના રોજ ઉતારી આગળ ની કાર્યવાહી કરેલ. જેથી વસુલ કરવામાં આવેલ ફિક્સ ચાર્જ ની રકમ ખરેખર કાપવા પાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા ૭ કીવો નુ થ્રી ફેઇઝ ટેમ્પરરી વીજજોડાણ તા.૦૨–૦૧–૧૯ ના રોજ લીધેલ હતુ. જેના ગ્રાહક નં. ૩૪૫૦૦૦૩૧૨૭૮ હતા. સદર વીજજોડાણની જરૂરીયાત ન હોય – તા.૨૨–૦૭–૧૯ ના રોજ વાવડી પેટા વિભાગીય કચેરીમાં અરજી આપેલ – સદર ગ્રાહકની અરજીના આધારે તા.૨૨–૦૭–૧૯ ના રોજ મીટર તથા સર્વિસ વાયર ઉતારવા માટે જુનીયર ઈજનેર ને જરૂરી કાર્યવાહી કરવા લેખીતમાં સુચના આપેલ. પરંતુ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૭–૦૯–૧૯ ના રોજ સદર મીટર તથા સર્વિસ વાયર ચેકીંગ શીટ – આરસીસી – ૧૧૩૯૪૨ થી ઉતારેલ. સદર મીટરનુ– મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદારની હાજરીમાં તા.૨૦–૦૯–૧૯ ના રોજ પરીક્ષણ કરાયેલ – તે રીપોર્ટ મુજબ – એમ.આર.આઈ. અહેવાલ લેવાયેલ છે, મીટરના છેલ્લા રીડીંગ ૧૯૮૦.૬ યુનીટ જણાયેલ છે.

૪.૨ ઉપરોકત મુદદા નં.૪.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને ફાઈનલ બીલ નુ સ્ટેટમેન્ટ આપેલ છે, તેમજ સદર બીલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. તે મુજબ – વીજવપરાશ ની વિગત નીચે પ્રમાણે છે.

| Sr.No. | Month | Days | Present Reading | Past Reading | Diff. Units | Energy Charge | M D | Fix. Charge | Ele-Duty | Total Amount |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | DEC,18 | 0 | 2 | 2 | | 0.00 | 0.00 | 0.00 | | |
| 2 | JAN,19 | 29 | 194 | 2 | 0 | 892.80 | 7.00 | 3045.00 | 0.00 | 0.00 |
| 3 | FEB,19 | 28 | 386 | 194 | 192 | 892.80 | 7.00 | 2940.00 | 1075.65 | 5378.25 |
| 4 | MAR,19 | 31 | 642 | 386 | 192 | 1190.40 | 7.00 | 3255.00 | 1049.40 | 5247.00 |
| 5 | APR,19 | 30 | 1020 | 642 | 256 | 1757.70 | 7.00 | 3150.00 | 1232.95 | 6164.75 |
| 6 | MAY,19 | 31 | 1305 | 1020 | 378 | 1325.25 | 7.00 | 3255.00 | 1406.48 | 7032.38 |
| 7 | JUN,19 | 30 | 1515 | 1305 | 285 | 976.50 | 7.00 | 3150.00 | 1280.44 | 6402.19 |
| 8 | JUL,19 | 31 | 1894 | 1515 | 210 | 1762.35 | 7.00 | 3255.00 | 1131.38 | 5656.88 |
| **9** | **AUG,19** | 31 | **1980** | **1894** | 379 | 399.90 | 7.00 | **3255.00** | 1453.31 | 7266.56 |
| **10** | **SEP,19** | 7 | **1981** | **1980** | 86 | 4.65 | 7.00 | **735.00** | 958.88 | 4794.38 |

૪.૩ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર સવાલવાળા મીટર નો એમ.આર.આઈ. અહેવાલ રજુ કરેલ છે, તે મુજબ – વીજવપરાશ ની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

| Sr.No. | Billing Reset Date & Time | CKWH | UNIT | MD KW | MD KW DATE |
|---|---|---|---|---|---|
| 1 | 1-2-19 0:00 | 261.655 | 259.43 | 4.26 | 01-07-19 |
| 2 | 1-3-19 0:00 | 575.64 | 313.985 | 4.46 | 23-02-19 |
| 3 | 1-4-19 0:00 | 763.96 | 188.32 | 4051 | 13-03-19 |
| 4 | 1-5-19 0:00 | 1150.84 | 386.88 | 4.89 | 29-04-19 |
| 5 | 1-6-19 0:00 | 1515.025 | 364.185 | 5.06 | 08-05-19 |
| 6 | 1-7-19 0:00 | 1894.325 | 379.3 | 5.14 | 18-06-19 |
| 7 | **1-8-19 0:00** | **1980.645** | **86.32** | **4.56** | **07-07-19** |
| 8 | | 1980.645 | 0 | 0 | |

૪.૪ સદર કેઈસ મા, અરજદાર દ્વારા વીજબીલ માહે જુલાઈ–૧૯ અને ઓગષ્ટ– ૧૯ નુ રજુ કરેલ છે, તે મુજબ બન્ને બીલોમાં – હાલ ના અને પાછલા રીડીગ ૧૮૩૧ અને વીજવપરાશ '' ૦'' યુનીટ દર્શાવેલ છે, તેમજ મીટર ની સ્થિતી '' એફ'' દર્શાવેલ છે. સદર બાબતે સ્પષ્ટ થાય છે કે – ફરીયાદી અરજદારના વીજ મીટરમાં – મીટર નો ડિસ્પલે બંધ હોય – અથવા અરજદારની મીટર તથા સર્વિસ કાયમી ધોરણે ઉતારવાની અરજી અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજજોડાણ નુ – વીજપોલ પરથી સર્વિસ વાયર ડિસકનેકટ કરેલ હોવુ જોઈએ

તદઉપરાંત ઉપરોકત મુદદા નં. ૪.૨ અને ૪.૩ મુજબ ની વિગતે સ્પષ્ટ થાય છે કે – સવાલવાળા મીટરમા એમ.આર.આઈ. અહેવાલ મુજબ – તા.૦૧–૦૮–૧૯ ના રોજ 1980.645 CKWH નોંધાયેલ છે, તેમજ એમ.ડી. 4.56 KW તા.૦૭–૦૭–૧૯ ના રોજ નોંધાયેલ છે ત્યારબાદ સદર વીજ મીટરમાં કોઈ વીજવપરાશ થયેલ નથી– તેમ ફલીત થાય છે.

૪.૫ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે – અરજદારને અપાયેલ ફાઈનલ બીલ ના સ્ટેટમેન્ટ મુજબ માહે ઓગષ્ટ–૧૯ અને સપ્ટેમ્બર– ૧૯ મા ફીકસચાર્જ અનુક્રમે રૂ.૩૨૫૫/– અને રૂ.૭૩૫/– વસુલેલ છે, તદઉપરાંત તેના પર ડીપીસી લગાડેલ છે તે રીફંડ ને પાત્ર થતુ હોય – તે મુજબ રીવાઇઝ ફાઈનલ બીલ બનાવીને – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા અરજદાર ને પાઠવવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. તેમજ સદર કેઈસ મા, જે સબંધક કર્મચારી / અધિકારી દ્વારા ભુલ કરાયેલ હોય – તેમનો ખુલાસો પુછવા પણ આ સાથે જણાવવામા આવે છે.

વધુમાં સદર પ્રકારની તકરાર ભવિષ્યમાં ઉભી ન થાય તે માટે – અરજદારના ટેમ્પરરી વીજજોડાણનુ ફાઈનલ બીલ બનાવતી વખતે ચેકીંગ શીટ, લેબોરેટરી રીપોર્ટ, એમ.આર.આઈ. અહેવાલનો પૂર્ણ અભ્યાસ કરીનેજ વીજબીલ બનાવવાની પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે.

૪.૬ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)
સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯